માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કર્મચારીઓની નિવૃતિ સમયે રજાનું રોકડમાં રૂપાંતર બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક: બમશ/૧૧૨૦૧૩/૧૮/ગ
તા.૨૩/૧૦/૨૦૧૮

**વંચાણે લીધા:**

(૧) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૧/૦૩/૨૦૧૩નો પરિપત્ર
(૨) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૨/૧૧/૨૦૧૩નો પરિપત્ર
(૩) નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તા.૦૮/૧૦/૨૦૧૮ નો પત્ર ક્રમાંક: મ/માધ્યમિ ૧/વશી/રજા રોકડ/ પરિપત્ર/૨૦૧૮/૨૧૯૪૮.
(૪) નાણાં વિભાગનો તા.૧૫/૦૧/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક: પીઈઆર/૧૦૦૯/૧૧/પે સેલ.(ગ).

**પરિપત્ર :**

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓની નિવૃતિ સમયે તેઓના ખાતે જમા રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ આપવા બાબતે વંચાણે લીધા ક્રમ(૧)ના વિભાગના તા.૨૬/૦૩/૨૦૧૩ના પરિપત્રથી જરૂરી સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. વિભાગના ઉક્ત તા.૨૧/૦૩/૨૦૧૩ના પરિપત્રના અનુસંધાને વંચાણે લીધા ક્રમ(૨) ના વિભાગના તા.૦૨/૧૧/૨૦૧૩ના પરિપત્રથી ઉદાહરણ સાથેની સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, શાળાઓની કચેરીના વંચાણે લીધા ક્રમ(૩)ના પત્રથી વિભાગના વંચાણે લીધા ક્રમ(૨)ના પરિપત્રની અમલવારી સંબંધમાં એ.જી.રાજકોટ દ્વારા કરવામાં આવેલ પૃચ્છાના અનુસંધાને કેટલીક સ્પષ્ટતાઓ માંગી છે. આ બાબતે જરૂરી સ્પષ્ટતાઓ કરવામાં સમય જાય તેમ હોઈ, વંચાણે લીધા ક્રમ (૨)ના હેઠળના વિભાગના તા.૦૨/૧૧/૨૦૧૩ના પરિપત્રથી પ્રસિદ્ધ થયેલી સૂચનાઓ આથી હાલ સ્થગિત કરવામાં આવે છે.

વિભાગ દ્વારા જ્યાં સુધી આ બાબતે અન્ય સૂચનાઓ આપવામાં ન આવે ત્યાં સુધી, પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરવા બાબતે તાત્કાલિક અસરથી વંચાણે લીધાં ક્રમ(૪)ના નાણાં વિભાગના તા.૧૫/૦૧/૨૦૧૦ના ઠરાવમાં દર્શાવેલ પદ્ધતિને ચુસ્ત પણે અનુસરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જે.એમ.મીસણ)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:

* માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.